જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૭/૨૦૧૪ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૯૫૮/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી ૧૦૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૬,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૯૫૯/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગત:- સમાચાર યાદી નં.૧૯૬૦/૧૪

તા.૨૯/૭/૧૪ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૮૧૦૦ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૪,૩૯,૨૦૦/- વસુલ કર્યા છે. આ પૈકી ૨૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૧૮૭ વાહનો ટો કરી રૂપિયા ૧૧,૦૫૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૦૨ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૦ આઈ.પી.સી.૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૩૮૬૫ કેસ કરી રૂપિયા ૧,૯૩,૨૦૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૪ થી તા.૨૯/૭/૧૪ સુધીમાં કુલ ૧૮,૯૭,૦૪૨ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૭૫,૫૩,૬૦૦/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

## ખુન:- સમાચાર યાદી નં.૧૯૬૧/૧૪

**રામોલ:** સોનલબહેન ભરતભાઈ પટેલ (રહે.ઉત્તમનગર સોસાયટી નિકોલ રોડ નરોડા) એ આજરોજ તા.૩૦/૭/૧૪ નારોજ રામોલ પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૭/૧૪ રાતના કલાક ૨૪/૦૦ થી આજરોજ તા.૩૦/૭/૧૪ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન મુક્તાનંદ પાર્ક જામફળવાડી રામોલ ખાતે રહેતા સોનલબહેનના કુટુંબી કાકાના સાળા મુકેશભાઈ પરબતભાઈ નાથાણી (ઉ.વ.૪૦) અને માયાબહેન મુકેશભાઈ નાથાણી (ઉ.વ.૪૨) ને અજાણી વ્યક્તિએ બન્નેના માથાના ભાગે તિક્ષ્ણ હથિયાર મારી મોત નિપજાવ્યુ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.આઈ.સોલંકી ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૬૨/૧૪</u>**

**ગુજરાત યુનિવર્સિટીઃ** ડો.નરેન્દ્રભાઈ ગૌતમચંદ્ર ભંડારી (રહે.નીલીમા ફ્લેટ રસરંજનની પાછળ નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૭/૧૪ કલાક ૨/00 થી કલાક ૭/૩0 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સિલ્વર ધાતુના વાસણો, આઈપેડ, ૧૫ ચેકબુક, કોડલેસફોન મળી કુલ રૂપિયા ૧,૫૭,000/-મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એ ડામોર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૬૩/૧૪</u>**

**સરદારનગરઃ** અહમદઅમીન ઉર્ફે બાબાખાન પઠાણ (રહે.પઠાણનો કુવો રેમ્બો સર્કલ પાસે સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૭/૧૪ રાતના ૯/00 થી તા.૨૯/૭/૧૪ કલાક 00/૩0 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ઘરમાં કામ કરતા ઘરઘાટી (૧) ઈજહાર મોહમદ રહેમાન (રહે મકીયારી પંચાયત તા.જી- કિશનગંજ બીહાર) (૨) અખ્તર અને અખ્તરનો ભાઈ ( જેના પુરા નામ સરનામાની ખબર નથી) ભેગા મળી ઘરમાંથી હીરા જડીત સોનાના તેમજ ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૧,00,000/- અને રોકડ રૂપિયા ૧,00,000/- મળી કુલ રૂપિયા ૨૨,00,000/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એન નિનામા ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૬૪/૧૪</u>**

**નરોડાઃ** શિવલાલ ગૌતમલાલ ઝીણા (રહે. લક્ષ્મીનગર સાગરભાઈ ગઢવીના મકાનમાં ગંગોત્રી હોટલ સામે સરદારનગર) એ તા.૨૮/૭/૧૪ રાતના ૧૦/00 વાગ્યાના સુમારે હોન્ડાઈ શો રૂમના દરવાજા નજીક પોતાની બસ નંબર જીજે ૧ બીવી ૯૯૬૬ કિમત રૂપિયા ૧૧.00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૯/૭/૧૪ સવારના ૫/૩0 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ શિવલાલ ઝીણાએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ જે ચૌધરી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૫૬/૧૪</u>**

**શહેરકોટડાઃ** કિશોરભાઈ નટવરભાઈ પંડ્યા (રહે.ભુતેશ્વરી વણકરવાસ તાલુકો દહેગામ જીલ્લો ગાંધીનગર) એ તા.૨૯/૭/૧૪ નારોજ શહેરકોટડા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૭/૧૪ કલાક ૫/00 વાગ્યાના સુમારે કિશોરભાઈના ભાઈ મહેન્દ્રભાઈને નરોડા ફ્રુટ માર્કેટ નજીક અજાણ્યા ટેમ્પા ચાલકે ટક્કર મારતા મહેશ ઉર્ફે મહેન્દ્રભાઈ (ઉ.વ.૪૦) ને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૨૯/૭/૧૪ સવારના ૬/00 વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે વી ડીડોર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૬૬/૧૪</u>**

**વટવાઃ (૧)** ભુપેન્દ્રભાઈ દીલીપભાઈ સોલંકી (ઉ.વ.૪૫)(રહે.નારોલ કોર્ટ પાછળ જ્યોતી નારોલ) એ શારીરીક બિમારીથી કંટાળી તા.૨૯/૭/૧૪ બપોરના ૧/30 વાગ્યા સુમારે પોતાના ઘરે છતની પાઈપ સાથે પ્લાષ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાબુભાઈ કુસાભાઈ ચલાવે છે.

**(૧)** રેખાબહેન ભવાનભાઈ સોલંકી (ઉ.વ.પર)(રહે.દેવરાજનગર ટોરેન્ટ પાવર પાછળ શાહવાડી) એ કોઈ કારણસર તા.૨૮/૭/૧૪ બપોરના 3/30 વાગ્યા સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા લેતા સારવાર માટે એલ જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૨૯/૭/૧૪ ૨/30 વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈશ્રી કે એસ ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.